**GJPM010030042024**

**ક્રિમીનલ અપીલ નં.૧૫૪/૨૦૨૪**

**આંક–૪ ની અરજી નીચે હુકમ :–**

---

**એપેલેન્ટ/મુળ આરોપી :– વિક્રમસિંહ ભવાનસિંહ પરમાર**
**વિરુધ્ધ**
**રીસ્પોન્ડન્ટ/મુળ ફરિયાદી :–(૧) રંગીતસિંહ પ્રતાપસિંહ પરમાર**
**(૨) ધી સ્ટેટ ઓફ ગુજરાત**

---

(૧) અરજી તથા રેકર્ડ વંચાણે લીધું. એપેલેન્ટના વિ.વકીલ શ્રી કે.એસ.વ્યાસ તથા રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે વિ.વકીલ શ્રી એન.કે.પરમારને તથા રીસ્પોન્ડન્ટ નં.૨ શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી આર.એસ.ઠાકોરને સાંભળ્યા.

(૨) અરજીની ટુંક હકિકત એવી છે કે, આ કામના રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદીએ એપેલન્ટ/મુળ આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલ જેનો ફોજદારી કેસ નંબર ૧૩૬૯/૨૦૨૧ નો શહેરાના વિ. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ચાલી જતા વિ.જજશ્રીએ તા.૨૩/૯/૨૦૨૪ ના રોજ એપેલન્ટ/આરોપીને તકસીરવાન ઠરાવી ૬(છ) માસની સાદી કેદની સજા તથા ચેકની બાકી લેણી રકમ પેટે રૂા.૨,૫૦,૦૦૦/– મુળ ફરીયાદીને વળતર દિન–૬૦ માં ચુકવી આપવાનો હુકમ કરેલો છે અને તેમ કરવામાં આરોપી કસૂર કરે તો વધુ ૬ (છ)માસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરેલો છે, જે હુકમથી એપેલન્ટ/આરોપી નારાજ થઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૧૫ હેઠળ સદર અપીલ દાખલ કરેલ છે અને આંક–૪ ની અરજી આપી એવી રજુઆત કરેલ છે કે, વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ ખોટો અને અન્યાયી હોય રદ્દ થવાને પાત્ર છે અને એપેલન્ટને અપીલના કામે ગુણદોષ ઉપર નિર્ણય થાય તો તેમની તરફેણમાં ચુકાદો આવે તેવી શકયતાઓ

છે અને અપીલનો આખરી નિર્ણય થતા ઘણો લાંબો સમય જાય તેમ છે, આરોપી હાલ જામીન ઉપર મુકત છે અને તેઓ નાસી ભાગી જાય તેવા ઈસમ નથી અને નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી અને તૈયાર છે જેથી સજાનો હુકમ મોકૂફ રાખવા અને તેઓને અપીલના આખરી નિર્ણય સુધી જામીન ઉપર મુકત કરવા હાલની અરજ કરેલ છે.

(૩) સદર અરજી અન્વયે સામાવાળાને નોટિસ ઈસ્યુ કરવામાં આવેલ, જે નોટિસ સામાવાળાઓને બજી ગયેલ છે. સામાવાળા નં.૧ તરફે વિ.વકીલશ્રી એન.કે. પરમાર હાજર થયેલા છે અને તેઓએ આ અરજી મંજુર કરવા સામે વાંધો હોવાનું જણાવેલ છે. સામાવાળા/શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી આર. એસ. ઠાકોર હાજર થયેલા અને તેઓએ સદર અરજી મંજુર કરવા સામે તેઓને કોઈ વાંધો ન હોવાનું મૌખિકમાં જણાવેલ છે. આ અદાલતના મંતવ્ય મુજબ કેસના ગુણદોષ માં ઉતરીને કેસનો નિકાલ થાય તે જરૂરી છે તેવા સંજોગોમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૩૦(૧) ની જોગવાઈ ધ્યાને લેતાં શહેરાના વિ.એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટશ્રીએ ક્રિમીનલ કેસ નં.૧૩૬૯/૨૦૨૧ ના કામે તા.૨૩/૯/૨૦૨૪ ના રોજ ચુકાદો જાહેર કરી મુળ આરોપીને ફરમાવેલ સજાનો હુકમ આથી આ અપીલનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી નીચેની શરતોને આધીન મોકૂફ રાખવામાં આવે છે.

**શરતો :-**

૧. એપેલન્ટ/આરોપીએ રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આ અદાલત રૂબરૂ આપવાના રહેશે.

૨. એપેલન્ટ/આરોપીએ વળતરની રકમ રૂા.૨,૫૦,૦૦૦/-નાં **૨૦%** રકમ **રૂા.૫૦,૦૦૦/-**(અંકે રૂપીયા પચાસ હજાર પુરા) અત્રે નાઝીર બ્રાન્ચમાં ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે અને ત્યારબાદ તેઓના જામીન સ્વીકારવામાં આવશે.

૩. એપેલન્ટ/આરોપીએ આ અપીલના કામે દર મુદતે આ અદાલત સમક્ષ હાજર રહેવુ અને હાજર નહી રહે તો આપેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર ઠરશે.

હુકમ આજરોજ તા.૨૩–૧૦–૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા.૨૩–૧૦–૨૦૨૪**
**ગોધરા.**

**(ચંદ્રપાલસિંહ કે.ચૌહાણ)**
**સત્ર ન્યાયાધીશ**
**પંચમહાલ, મુ.ગોધરા**
UID Code No.GJ 00513

KMP